<u>ઉપચારાત્મક શિક્ષણ માર્ગદર્શિકા</u>

# ધોરણ - 1 (ભાષા- EC)

મિત્રો,

ગત તારીખ 26 ફેબ્રુઆરીથી 2 માર્ચ દરમિયાન નિપુણ ભારત અંતર્ગત યોજાયેલ નિદાન કસોટીઓના પરિણામના આધારે આપણે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરવાનું છે. કોઈ પણ નિદાન કસોટીનો મુખ્ય હેતુ જે તે નિદાનના આધારે ઉપચારાત્મક કાર્ય કરવાનો હોય છે.

ધોરણ 1 ભાષા (EC) માં ચાર પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેની અધ્યયન નિષ્પત્તિઓ પણ પ્રશ્ન સાથે દર્શાવવામાં આવી હતી. ધોરણ 1 ભાષામાં નીચેની ચાર અધ્યયન નિષ્પત્તિઓ સામેલ કરવામાં આવી હતી. આ અધ્યયન નિષ્પત્તિઓમાં બાળકોની સિદ્ધિ જોઇને તમે સૌએ બાળકોનું વ્યક્તિગત ઉપચારાત્મક શિક્ષણ કાર્ય શરૂ કરી દીધું હશે.

કોઈ અધ્યયન નિષ્પત્તિમાં બાળકની સિદ્ધિ અપેક્ષિત સ્તરે ન હોય તો સૌ પહેલાં જે તે અધ્યયન નિષ્પત્તિ માટે જરૂરી એવું પૂર્વજ્ઞાન શીખવવું જોઈએ. જે તે અધ્યયન નિષ્પત્તિ માટે જરૂરી એવા પૂર્વજ્ઞાનને ધ્યાનમાં રાખીને આ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે.

આ માર્ગદર્શિકા માત્ર એક નમૂનો છે. આ માર્ગદર્શિકાથી આપને ખ્યાલ આવી જશે કે વધુ મહાવરા માટે કઈ કઈ વધારાની પ્રવૃત્તિઓ કરાવી શકાય.

ચારેય અધ્યયન નિષ્પત્તિઓ માટેના ઉપચારાત્મક શિક્ષણ કાર્ય માટે અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં નીચે મુજબની પ્રવૃત્તિઓ સમાવી શકાય.

## LO:1: વાંચન કોર્નરમાંથી પુસ્તક પસંદ કરે અને ચિત્રોની મદદથી વાર્તા વિશે વાતચીત કરે/વાર્તા કહે છે.

1. જે બાળકો વાર્તાનાં ચિત્રોના આધારે વાતચીત ન કરી શક્યાં હોય અથવા તો ચિત્ર પરથી વાર્તા ન કહી શક્યાં હોય તેમના માટે મૌખિક ભાષા વિકાસમાં ઘણું કામ કરવું જોઈએ. આખી વાર્તા ન કહી શકે તો પણ એકાદ ચિત્ર જોઇને એ ચિત્ર વિશે વાત કરે તેવો મહાવરો કરાવવો જોઈએ. આ ચિત્રો વાર્તાનાં જ હોય એ જરૂરી નથી, અલગ ચિત્રો પણ હોઈ શકે. જેમ કે, કેરીનું ચિત્ર બતાવી “આ કેરી છે કે કેળું ? તમે આ ખાધું છે? ક્યારે ? ક્યાં જોયુ છે? ભાવે છે?” વગેરે જેવા સાદા પ્રશ્નો પૂછીને વાતચીત કરવા પ્રેરવાં.

2. ચિત્ર જોઇને બોલતાં હોય પણ ચિત્ર મુજબ ક્રમબદ્ધ વાર્તા ન કહી શક્યાં હોય તેવાં બાળકોને પરિચિત વાર્તાનાં ચિત્રો/ચિત્રવાર્તા તેમના હાથમાં આપીને શિક્ષકે વાર્તા કહેવી. શિક્ષક વાર્તા કહેતા હોય ત્યારે બાળક વાર્તાના એ ભાગ સંબંધિત ચિત્ર પર આંગળી મૂકે.

શિક્ષક ચિત્રવાર્તાનાં ચિત્રો બતાવી વાર્તા કહે અને બાળકોને સૂચના આપે કે જો તે વાર્તામાં ચિત્રથી જુદી કોઈ ભૂલ કરે તો બાળકે તાળી પાડવી. દાખલા તરીકે વાર્તામાં ( અને ચિત્રમાં પણ) એવું હોય કે કબૂતર જાળમાં ફસાયાં. એ વખતે શિક્ષકે બોલવું કે ઉંદર જાળમાં ફસાયો. આ જ રીતે શિક્ષકે બે ત્રણ વાક્યો ચિત્રના ક્રમમાં બોલવાને બદલે આડાઅવળા ક્રમમાં બોલવાં. બાળક સાચો ક્રમ કહી બતાવે.

આમ કરવાથી બાળક વધુ જાગૃતિપૂર્વક શ્રવણ કરશે. તેમજ ચિત્ર અને વાર્તાની ઘટના વચ્ચે એક-એક સંગતતા જોડવા પ્રયત્ન કરશે.

સમગ્ર વર્ગને દરેક વાર્તા કહ્યા પછી, ચિત્રો બતાવ્યા પછી કે અન્ય પ્રવૃત્તિ કરાવ્યા પછી તેના વિશે વાતચીત કરાવવી. જેમાં તેઓને તેમાં શું ગમ્યું ? શું ના ગમ્યું ? જેવા પ્રશ્નોથી શરૂઆત કરવી. આ વાતચીત આખા વર્ગ સમક્ષ થતી હોય તો પણ શિક્ષકે ધ્યાન રાખવું કે જે બાળકો આ અધ્યયન નિષ્પત્તિમાં અપેક્ષિત સ્તરે નથી પહોંચ્યાં તેવાં બાળકો વાતચીતમાં જોડાય.

અધ્યયન અધ્યાપન પ્રક્રિયાના ભાગરૂપે થતી કોઈપણ પ્રવૃત્તિ પછી એ પ્રવૃત્તિ વિશે ઉપર મુજબની વાતચીત કરવાથી બાળકો એકવાર ફરીથી આખી પ્રવૃત્તિમાંથી માનસિક રીતે પસાર થાય છે. જે એમના અધ્યયનને સ્થાયી બનાવે છે અને હવે પછી થનાર કોઈપણ પ્રવૃત્તિમાં સક્રિય રીતે ભાગ લેતાં થાય છે.

## LO: 2 વાર્તા/કવિતા વાંચતી વખતે અક્ષરના આકાર અને ધ્વનિ અંગે જાગૃતતા દર્શાવે છે અને લખતી વખતે તેનો ઉપયોગ કરે છે.

આ અધ્યયન નિષ્પત્તિ અંતર્ગત, સામાન્ય રીતે આપણે જેને વાચન તરીકે ઓળખીએ છીએ તે પ્રકારનો ડિકોડિંગનો પ્રશ્ન હતો. આમાં જે બાળકો અક્ષરો-શબ્દો ઓળખવામાં ભૂલ કરે છે, યોગ્ય રીતે વાંચતાં નથી તેમના માટે નીચેના જેવી પ્રવૃત્તિઓ કરાવવી.

1. બોર્ડ પર લખેલા શબ્દો/વાક્યો વર્કબૂક/પુસ્તકમાંથી શોધી કાઢવા કહેવું.
2. શબ્દ કાર્ડ આપી તેના ઉપયોગથી વાક્ય બનાવવા અને વાંચવા કહેવું.
3. બોર્ડ પર કેટલાંક વાક્યો લખી શિક્ષકે મોટેથી વાંચવાં. (વાંચતી વખતે કોઈવાર કોઈક શબ્દ વધારાનો બોલવો, કોઈવાર શબ્દ ન વાંચવો વગેરે જેવી બાળકો કરે તેવી ક્ષતિઓ જાણીજોઇને કરવી. બાળકોને જોડીમાં / જૂથમાં/ વ્યક્તિગત એ ભૂલ શોધવા કહેવું. બાળકોને ભૂલ સુધારીને વાક્ય ફરી બોલવા કહેવું.
4. બોર્ડ પર લખેલા શબ્દ/વાક્યને અનુરૂપ વસ્તુ/ચિત્ર બતાવવા માટેની રમત રમાડવી.

જો બાળકો વધુ પ્રમાણમાં અક્ષર અને માત્રાઓ ઓળખતાં ન હોય તો તેમને પહેલાં એ અક્ષરો અને માત્રાઓ ઓળખાવવાની પ્રવૃત્તિઓ કરવી. આ માટે ધોરણ 1 ગુજરાતીની સ્વઅધ્યયન પોથીમાં આપેલી પ્રવૃત્તિઓઓ કરાવવી.

## LO: 3 વાર્તા/કવિતા વાંચતી વખતે અક્ષરના આકાર અને ધ્વનિ અંગે જાગૃતતા દર્શાવે છે અને લખતી વખતે તેનો ઉપયોગ કરે છે.

બીજા અને ત્રીજા ક્રમના પ્રશ્નમાં આપેલી અધ્યયન નિષ્પત્તિ એક જ છે, પરંતુ બીજા પ્રશ્નમાં આપણે વાચનનું મૂલ્યાંકન કર્યું છે જ્યારે ત્રીજા પ્રશ્નમાં લેખનનું મૂલ્યાંકન કર્યું છે. મોટેભાગે એવું જોવામાં આવે છે કે જે બાળકો વાચનમાં મુશ્કેલી અનુભવે છે તેઓ લેખનમાં પણ એવી જ મુશ્કેલી અનુભવે છે. કારણકે આમાં મુખ્ય સમસ્યા ડીકોડિંગની છે એટલે કે જે તે અક્ષર કે ધ્વનિ માટે કયો સંકેત આવે એ જ બાળકને આવડતું નથી.

કેટલાંક બાળકો છૂટા અક્ષરો ઓળખી કે લખી શકતાં હોય પરંતુ શબ્દ કે વાક્યમાં એ જ અક્ષરો વાંચવા કે લખવામાં મુશ્કેલી અનુભવે. આ સમસ્યા પણ મુખ્યત્વે ડીકોડિંગના અપૂરતા મહાવરાની છે. બાળકો વધુ જાગૃતતાથી અને રસથી ડીકોડિંગ કરતાં થાય એના માટે નીચેના જેવી પ્રવૃત્તિઓ કરાવવી.

1. બોર્ડ પર આડાઅવળા ક્રમમાં લખેલા અક્ષરોને ક્રમમાં ગોઠવી સાચો શબ્દ બનાવવો. દા.ત. શિક્ષકે બોર્ડ પર લખવું- 'ણધોર' , બાળકોએ સુધારીને લખવાનું- 'ધોરણ'
2. શબ્દમાંથી વધારાનો અક્ષર દૂર કરી ફરી શબ્દ લખે. દા.ત. શિક્ષકે બોર્ડ પર લખવું – લીમકડો, બાળકે સુધારીને લખવું – લીમડો. આવું કરાવતી વખતે બાળક સાથે ચર્ચા કરવી કે કયો અક્ષર વધારાનો લાગે છે? શા માટે? બાળક મુખર વાચન કરીને જણાવે કે આ શબ્દમાં 'ક' વધારાનો છે.
3. શિક્ષક જે શબ્દ બોલે તે પુસ્તકમાંથી શોધે અને લખે.
4. શિક્ષક મોટેથી એક શબ્દ બોલે અને તેઓ જોડીમાં બેસી તે શબ્દ લખે.

## LO: 4 : આસપાસના પરિવેશ (ઘર, શાળા, પાડોશ)માં જોવા મળતાં પશુ-પક્ષીઓ વિશે વાત કરે છે અને તેમના વિશે પોતાના શબ્દોમાં લખે છે.

આ અધ્યયન નિષ્પત્તિ અંતર્ગત બાળકોએ પોતાના પરિચિત જગતનાં પશુ પક્ષી વિશે લખવાનું છે. જે તે પશુ કે પક્ષી વિશે બાળકો જાણે છે. આપણે પ્રશ્નો પૂછીએ તો જવાબ પણ આપે. પરંતુ એ જ બાબતો યોગ્ય રીતે લેખિત સ્વરૂપે રજૂ ન કરી શકે તો સૌ પ્રથમ બાળકોને જે તે પશુ કે પક્ષી વિશે બોલવા કહેવું. બાળકો સળંગ વાક્યો ન બોલી શકે તો શિક્ષકે વચ્ચે વચ્ચે કેટલાક પ્રશ્નો પૂછીને બાળકને વધુ બોલવા પ્રોત્સાહિત કરવું.

બાળકો મૌખિક રીતે જે તે પશુ કે પક્ષી વિશે વાત કરતાં થઈ જાય પછી એમને એ જ બાબતો લખતાં કરવાં. આ કાર્ય સામંતરે પણ કરી શકાય. જેમ કે, બાળક જે તે પશુ કે પક્ષી વિશે એક વાક્ય બોલે એ જ વાક્ય એને નોટમાં લખવા કહેવું.

કેટલીકવાર એવું જોવામાં આવે છે કે બાળક લખી શકે છે પરંતુ જે તે મુદ્દાને લાગુ ન પડતું હોય તેવું લખાણ પણ એમાં આવી જાય છે. અથવા તો બાળક જે તે પશુ વિશે જાણે છે, બોલે છે, પરંતું લખતી વખતે એ બાબતો સામેલ કરવાનું રહી જાય છે. આવું થતું હોય તો નીચેના જેવી પ્રવૃત્તિઓ કરાવવી

1. શિક્ષકે પોતાને ગમતા પશુ કે પંખી વિશે વાત કરવી. અને તેના આધારે બોર્ડ પર લખી બતાવવું.
2. વર્ગમાં હોય તેવી અને વર્ગમાં ન હોય તેવી વસ્તુઓ વિશેનાં વાક્યો બોર્ડમાં લખવાં. બાળકોએ માત્ર વર્ગમાં હોય તેવી વસ્તુઓ વિશેનાં વાક્યો ઓળખીને પોતાની નોટમાં લખવાં.
3. પશુઓ અને પક્ષીઓ વિશેનાં કેટલાંક વાક્યો બોર્ડ પર લખવાં. કેટલાંક વાક્યો ખોટાં પણ લખવાં. (જેમ કે - કાગડાને બે શિંગડાં હોય છે.) આ પૈકી જે  વાક્યો જે તે પશુ કે પંખી વિશે સાચાં હોય તેટલાં જ બાળકો લખે.

# ધોરણ - 2 (ભાષા- EC)

મિત્રો,

ગત તારીખ 26 ફેબ્રુઆરીથી 2 માર્ચ દરમિયાન નિપુણ ભારત અંતર્ગત યોજાયેલ નિદાન કસોટીઓના પરિણામના આધારે આપણે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરવાનું છે. કોઈ પણ નિદાન કસોટીનો મુખ્ય હેતુ જે તે નિદાનના આધારે ઉપચારાત્મક કાર્ય કરવાનો હોય છે.

ધોરણ 2 ભાષા (EC) માં ચાર પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેની અધ્યયન નિષ્પત્તિઓ પણ પ્રશ્ન સાથે દર્શાવવામાં આવી હતી. ધોરણ 2 ભાષામાં નીચેની ચાર અધ્યયન નિષ્પત્તિઓ સામેલ કરવામાં આવી હતી. આ અધ્યયન નિષ્પત્તિઓમાં બાળકોની સિદ્ધિ જોઇને તમે સૌએ બાળકોનું વ્યક્તિગત ઉપચારાત્મક શિક્ષણ કાર્ય શરૂ કરી દીધું હશે.

કોઈ અધ્યયન નિષ્પત્તિમાં બાળકની સિદ્ધિ અપેક્ષિત સ્તરે ન હોય તો સૌ પહેલાં જે તે અધ્યયન નિષ્પત્તિ માટે જરૂરી એવું પૂર્વજ્ઞાન શીખવવું જોઈએ. જે તે અધ્યયન નિષ્પત્તિ માટે જરૂરી એવા પૂર્વજ્ઞાનને ધ્યાનમાં રાખીને આ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે.

આ માર્ગદર્શિકા માત્ર એક નમૂનો છે. આ માર્ગદર્શિકાથી આપને ખ્યાલ આવી જશે કે વધુ મહાવરા માટે કઈ કઈ વધારાની પ્રવૃત્તિઓ કરાવી શકાય.

ચારેય અધ્યયન નિષ્પત્તિઓ માટેના ઉપચારાત્મક શિક્ષણ કાર્ય માટે અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં નીચે મુજબની પ્રવૃત્તિઓ સમાવી શકાય.

## LO:1 પોતાની ભાષાનો ઉપયોગ કરી પોતાની રીતે/શૈલીમાં વાર્તાઓ કહે, કવિતાઓ ગાય છે.

1. શિક્ષકે બાળકોને પરિચિત હોય તેવી વાર્તા કહેવાની શરૂ કરવી અને તેમાં ‘હવે પછી શું થયું હતું?’ એવા પ્રશ્નોના ઉપયોગથી વાર્તાના જુદા જુદા ભાગ કહેવા પ્રેરવા.
2. બાળકોને સવારથી સાંજ સુધી તેઓ શું કરે છે ? રવિવારે શું કરે છે ? બપોરે રીસેસમાં શું કર્યું ? વગેરે જેવી, તેમના અનુભવમાં હોય તેવી ઘટનાઓ વિશે બોલવા પ્રેરવાં.
3. બાળકોને મજા પડે તેવી સ્થિતિ આપીને – ‘તો શું થાય? શું કરો?’ જેવા પ્રશ્નો પૂછવા. જેમ કે આપણને પાંખો મળી જાય તો - આપણે શું કરીએ ? આપણી સાથે બિલાડીઓ ગીત ગાવા આવે તો આપણે કયું ગીત ગાઈએ ? વગેરે
4. જુદાં જુદાં ચિત્રો બતાવી તેમાં કોણ શું કરે છે? શું બોલતું હશે? તેવા પ્રકારના પ્રશ્નો પૂછવા.

## LO: 2 પરિચિત સંદર્ભમાં પાઠ્યપુસ્તક અને બાળ સાહિત્ય વાંચે છે અને તેના વિશે અનુમાન લગાવે છે.

આ પ્રશ્નમાં આપણે બાળકોને તેમની પરિચિત વાર્તામાંથી પાંચ વાક્યો વાંચવા કહેલું. જો બાળકોને બધા અક્ષરો અને માત્રાઓ ઓળખતાં આવડતું હોય તો તેઓ સહજ રીતે વાંચી શકે. પરંતુ કેટલીકવાર પૂરતા અને રસપ્રદ મહાવરાના અભાવને લીધે બાળકો આ જ અક્ષરો-માત્રાઓથી બનેલા શબ્દો કે વાક્ય વાંચી શકતાં નથી. બાળકો શબ્દો-અક્ષરો ઓળખી શકે પરંતુ યોગ્ય રીતે વાંચી ન શકે તો નીચેના જેવી પ્રવૃત્તિઓ કરાવવી.

1. બોર્ડ પર લખેલાં વાક્યો પુસ્તક/સ્વઅધ્યયન પોથીમાંથી શોધવા કહેવું.
2. બોર્ડ પર વાક્યો લખી શિક્ષકે મોટેથી વાંચવાં. (વાંચતી વખતે કોઈવાર કોઈક શબ્દ વધારાનો બોલવો/કોઈવાર શબ્દ ન વાંચવો- વગેરે જેવી( બાળકો કરે તેવી) ક્ષતિઓ જાણીજોઇને કરવી. તેઓને એ વાક્ય સાંભળીને પછી જોડીમાં/જૂથમાં/વ્યક્તિગત રીતે સુધારવા અને ફરીથી બોલવા કહેવું.
3. બોર્ડ પર લખેલા શબ્દ/વાક્યને અનુરૂપ વસ્તુ/ચિત્ર વગેરે બતાવવા માટેની રમત રમાડવી.
4. વાર્તા મોટેથી વાંચી સંભળાવવી. તેના આધારે પાંચ વાક્ય બોર્ડ પર લખવાં. તે પૈકી કઈ બાબત વાર્તાને સંબંધિત નથી તે જોડીમાં બેસી શોધવા કહેવું. દા.ત. તરસ્યા કાગડાની વાર્તા કહીને પછી બોર્ડ પર વાક્યો લખી તેમાં એક વાક્ય આવું રાખવું. – 'તે પંખીને બહુ ભૂખ લાગી હતી.' (અહીં આપણો ઉદ્દેશ્ય તેઓ સમજપૂર્વક વાંચે તે છે તે ધ્યાનમાં રાખવું.)

## LO: 3 યોગ્ય શબ્દો/વાક્યો (પરંપરાગત રીતમાં) અને અભિવ્યક્તિનાં જુદાં જુદાં સ્વરૂપોનો ઉપયોગ કરીને લખે છે.

આ પ્રશ્નમાં આપણે બાળકોને શ્રુતલેખન કરાવેલું. અક્ષરો અને માત્રાઓ લખી શકતાં બાળકો આ શ્રુતલેખાન સરળતાથી કરી શકે. પરંતું ઘણીવાર એવું જોવામાં આવે છે કે બધા જ અક્ષરો ઓળખી શકનાર બાળક શબ્દ કે વાક્ય લખી શકતું નથી. ક્યારેક વાક્યમાં શબ્દોનો ક્રમ પણ યોગ્ય રીતે લખવામાં મુશ્કેલી અનુભવે છે. ક્યારેક વાક્યમાં નહિ બોલાયેલા શબ્દો અથવા શબ્દમાં નહીં બોલાયેલા અક્ષરો પણ બાળકોના લખાણમાં ઉમેરાઈ જાય છે.

આના ઉપચાર માટે નીચેના જેવી પ્રવૃત્તિઓ કરાવવી.

1. બોર્ડ પર આડાઅવળા ક્રમમાં લખેલા શબ્દોને ક્રમમાં ગોઠવી વાક્ય બનાવી લખે. દા.ત. ગોપાલ ગયો ગોધરા. – ગોપાલ ગોધરા ગયો.

2. વાક્યમાંથી વધારાનો અક્ષર દૂર કરી ફરી વાક્ય લખે. દા.ત. આકજે અકમાકરી નિકશાળમાં રકજા છેક. - આજે અમારી નિશાળમાં રજા છે.
3. બોર્ડ પર વાક્ય લખવા જેમાં શબ્દો વચ્ચે જગ્યા છોડવી નહિ. બાળકો તે વાક્યો યોગ્ય જગ્યા છોડી લખે. દા.ત. સિંહજંગલનોરાજાકહેવાયછે.
4. શિક્ષક જે વાક્ય બોલે તે ચોપડીમાંથી શોધે અને લખે.

---

## LO: 4- કલ્પના અને સર્જનાત્મકતાથી વાર્તા લખે છે અને વિસ્તારે છે.

---

આ પ્રશ્નમાં બાળકોએ કોઈ એક વાર્તા લખવાની હતી. મોટેભાગે એ વાર્તા બાળકોને પરિચિત અને ગમતી વાર્તા હશે. એટલે કે બાળકોને એ વાર્તા આવડે છે. તેમ છતાં એ વર્તને યોગ્ય ક્રમમા લખી શકતાં ન હોય તો નીચેના જેવી પ્રવૃત્તિઓ કરાવવી.

1. શિક્ષક એક વાર્તા કહે. તેનાં પાંચ વાક્યો આડાઅવળા ક્રમમાં બોર્ડ પર લખે. બાળકો જૂથમાં બેસી તેને યોગ્ય ક્રમમાં ગોઠવી ફરીથી લખે.
2. એ જ વાર્તાનાં વાક્યોમાં વિગત જુદી હોય તે સુધારીને ફરીથી લખે.
3. એક વાર્તાના કેટલાક મહત્વના મુદ્દા બોર્ડ પર લખવા. એના આધારે બાળકો વાર્તા લખે.
4. કોઈ એક ઘટનાને આધારે ક્રમશ: વાક્યો લખવા કહેવું. દાખલા તરીકે ‘આજે સવારથી અત્યાર સુધી શાળામાં શું કર્યું?’ આ અંગે પહેલાં બાળકો સાથે વાતચીત કરવી અને ત્યારબાદ જૂથ કે જોડીમાં બાળકોને આ અંગે લખવા કહેવું.
5. શિક્ષકે કોઈ એક પરિચિત વાર્તા અંગે ચાર પાંચ વાક્યો બોર્ડ પર લખવાં. બે ત્રણ વાક્યો માટે ખાલી જગ્યા છોડવી. બાળકોએ જે તે વાર્તા મુજબ એ ખાલી જગ્યાના સ્થાને યોગ્ય વાક્યો લખવાં.

# ધોરણ - 1 (ગણિત- IL)

મિત્રો,

ગત તારીખ 26 ફેબ્રુઆરીથી 2 માર્ચ દરમિયાન નિપુણ ભારત અંતર્ગત યોજાયેલ નિદાન કસોટીઓના પરિણામના આધારે આપણે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરવાનું છે. કોઈ પણ નિદાન કસોટીનો મુખ્ય હેતુ જે તે નિદાનના આધારે ઉપચારાત્મક કાર્ય કરવાનો હોય છે.

ધોરણ 1 (ગણિત- IL) માં ચાર પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેની અધ્યયન નિષ્પત્તિઓ પણ પ્રશ્ન સાથે દર્શાવવામાં આવી હતી. ધોરણ 1 (ગણિત- IL)માં નીચેની ચાર અધ્યયન નિષ્પત્તિઓ સામેલ કરવામાં આવી હતી. આ અધ્યયન નિષ્પત્તિઓમાં બાળકોની સિદ્ધિ જોઇને તમે સૌએ બાળકોનું વ્યક્તિગત ઉપચારાત્મક શિક્ષણ કાર્ય શરૂ કરી દીધું હશે.

કોઈ અધ્યયન નિષ્પત્તિમાં બાળકની સિદ્ધિ અપેક્ષિત સ્તરે ન હોય તો સૌ પહેલાં જે તે અધ્યયન નિષ્પત્તિ માટે જરૂરી એવું પૂર્વજ્ઞાન શીખવવું જોઈએ. જે તે અધ્યયન નિષ્પત્તિ માટે જરૂરી એવા પૂર્વજ્ઞાનને ધ્યાનમાં રાખીને આ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે.

આ માર્ગદર્શિકા માત્ર એક નમૂનો છે. આ માર્ગદર્શિકાથી આપને ખ્યાલ આવી જશે કે વધુ મહાવરા માટે કઈ કઈ વધારાની પ્રવૃત્તિઓ કરાવી શકાય.

ચારેય અધ્યયન નિષ્પત્તિઓ માટેના ઉપચારાત્મક શિક્ષણ કાર્ય માટે અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં નીચે મુજબની પ્રવૃત્તિઓ સમાવી શકાય.

## LO:1- 20 સુધીની બે સંખ્યા સરખાવે છે 'થી મોટું' 'થી નાનું' જેવા શબ્દોનો ઉપયોગ કરે છે.

1. દરરોજ વિદ્યાર્થીઓને સમૂહમાં અને વ્યક્તિગત 1 થી 20 સીધા અને ઉલટા ક્રમમાં બોલાવવા.
2. મૂર્ત વસ્તુઓ દ્વારા સંખ્યા સમજ આપવી.
3. બંને સંખ્યા જેટલી મૂર્ત વસ્તુઓ દ્વારા ઓછું અને વધારેની સમજ આપવી.
4. ધીરે ધીરે ચિત્રો એટલે કે મીંડાં કે લીટાં કરીને સરખામણી કરાવવી.
5. આજ રીતે ત્રણ સંખ્યાઓની સરખામણી કરાવવી.

## LO:2- મૂર્તવસ્તુઓનો ઉપયોગ કરી 18 સુધીની સંખ્યા માટે સરવાળાની સંકલ્પના સમજે અને તેનો પોતાના રોજિંદા જીવનમાં ઉપયોગ કરે છે.

*પ્રશ્ન બિલકુલ સમજી ના શક્યાં હોય તેવાં બાળકો માટે...*

1. પ્રશ્ન બે થી ત્રણ વખત પૂછવો.

2. વિદ્યાર્થીને સમજાય તેવી પરિચિત વસ્તુનું ઉદાહરણ આપવું.
3. પ્રશ્નને ભાગ પાડીને રજૂ કરવો. રજૂ કરેલા ભાગ વિશે વાતચીત કરાવવી.
4. શેની વાત છે ?
5. કેટલી સંખ્યામાં છે ?
6. શું પૂછ્યું છે ?

*ગણતરી ન કરી શક્યાં હોય તેવાં બાળકો માટે...*

1. ઓરલ મેથ (મૌખિક ગણન)ની પ્રવૃત્તિઓ કરાવવી.
2. એક સાથે બંને સંખ્યા ગણાવવાને બદલે વારાફરતી બંને સંખ્યા મુજબ મૂર્ત વસ્તુઓ દ્વારા ગણતરી કરાવવી અને સરવાળાની સંકલ્પના સ્પષ્ટ કરાવવી.

---

## LO:3- સિક્કા અને નોટ વડે 20 રુપિયા સુધીનું મૂલ્ય દર્શાવે છે.

1. NCERT માન્ય અર્લી મેથ કિટ અથવા વાસ્તવિક ચલણી નોટ અને સિક્કાના ઉપયોગ દ્વારા ચલણી નોટ અને સિક્કાનો પરિચય કરાવવો.
2. સિક્કાની છાપ પાડવાની પ્રવૃત્તિ કરાવવી.
3. પૂઠામાંથી પોતાના માટે રમતના સિક્કા અને નોટ બનાવડાવવા.
4. જાદુઈ થેલીની રમત રમાડવી જેમાં હાથમાં આવેલા સિક્કા કે નોટનું મૂલ્ય જણાવવા કહેવું.
5. દરેક સિક્કા કે નોટની સામે તેના છૂટા આપવાની રમત રમાડવી.
6. "હું માંગુ તેટલા પૈસા આપો" પ્રવૃત્તિ કરાવવી. તેમાં સૌ પ્રથમ સીધી નોટ કે સિક્કાથી જ આપી શકાય તેટલા રૂપિયા માંગવા ત્યારબાદ બે થી ચાર નોટ કે સિક્કા ભેગા કરીને આપવા પડે તેવા અને પછી કોઈ રકમ ચોક્કસ સિક્કા કે નોટની મદદથી જ આપવા માટે જણાવવું.

---

## LO: 4- ચિત્રો કે અંકોની મદદથી માહિતી (ડેટા) ભેગી કરે અને નોંધે તથા ચિત્રો જોઇને સાદી માહિતી તારવે. જેમ કે, બગીચાના ચિત્રમાં જુદાં-જુદાં ફૂલ જોઇને તારવે કે ચોક્કસ રંગનાં ફૂલ વધારે છે.

1. પરિચિત હોય તેવી માહિતી ભેગી કરાવવી. ભેગી કરેલી માહિતીને આપેલા (કોષ્ટકના) ખાનામાં લખાવવી.
2. સૌ પ્રથમ વર્ગની કે ઘરની માહિતી પૂછવી.
3. તમારે કેટલા ભાઈ છે? તમારે કેટલી બહેન છે? તમારા ઘરમાં કેટલાં વાહન છે? આ વર્ગમાં કેટલી બારીઓ છે?
4. ત્યારબાદ વર્ગની બહાર શાળામાં કે રસ્તામાં આવતાં-જતાં જોવા મળતી માહિતી ભેગી કરાવવી.

5. વિવિધ ચિત્ર બતાવીને તેમાં દેખાતી વસ્તુઓ વિશે પ્રશ્નોત્તરી કરવી.
6. એક જ વસ્તુ વિશે અલગ અલગ રીતે પ્રશ્ન બનાવીને પૂછવા. ત્યારબાદ પોતે ભેગી કરેલી માહિતીનું કોષ્ટક બતાવીને શિક્ષકને અથવા વર્ગના અન્ય બાળકોને તેના વિશે પ્રશ્નો પૂછે  તેવો મહાવરો કરાવવો.

# ધોરણ - 2 (ગણિત- IL)

મિત્રો,

ગત તારીખ 26 ફેબ્રુઆરીથી 2 માર્ચ દરમિયાન નિપુણ ભારત અંતર્ગત યોજાયેલ નિદાન કસોટીઓના પરિણામના આધારે આપણે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરવાનું છે. કોઈ પણ નિદાન કસોટીનો મુખ્ય હેતુ જે તે નિદાનના આધારે ઉપચારાત્મક કાર્ય કરવાનો હોય છે.

ધોરણ 2 (ગણિત- IL) માં ચાર પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેની અધ્યયન નિષ્પત્તિઓ પણ પ્રશ્ન સાથે દર્શાવવામાં આવી હતી. ધોરણ 2 (ગણિત- IL)માં નીચેની ચાર અધ્યયન નિષ્પત્તિઓ સામેલ કરવામાં આવી હતી. આ અધ્યયન નિષ્પત્તિઓમાં બાળકોની સિદ્ધિ જોઇને તમે સૌએ બાળકોનું વ્યક્તિગત ઉપચારાત્મક શિક્ષણ કાર્ય શરૂ કરી દીધું હશે.

કોઈ અધ્યયન નિષ્પત્તિમાં બાળકની સિદ્ધિ અપેક્ષિત સ્તરે ન હોય તો સૌ પહેલાં જે તે અધ્યયન નિષ્પત્તિ માટે જરૂરી એવું પૂર્વજ્ઞાન શીખવવું જોઈએ. જે તે અધ્યયન નિષ્પત્તિ માટે જરૂરી એવા પૂર્વજ્ઞાનને ધ્યાનમાં રાખીને આ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે.

આ માર્ગદર્શિકા માત્ર એક નમૂનો છે. આ માર્ગદર્શિકાથી આપને ખ્યાલ આવી જશે કે વધુ મહાવરા માટે કઈ કઈ વધારાની પ્રવૃત્તિઓ કરાવી શકાય.

ચારેય અધ્યયન નિષ્પત્તિઓ માટેના ઉપચારાત્મક શિક્ષણ કાર્ય માટે અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં નીચે મુજબની પ્રવૃત્તિઓ સમાવી શકાય.

## LO:1- બે અંકની સૌથી મોટી અને સૌથી નાની સંખ્યાની સરખામણી કરે છે અને તેવી સંખ્યા બનાવે છે. (આપેલ અંકનું પુનરાવર્તન સાથે અને પુનરાવર્તન વગર)

*બે અંકની સંખ્યા સમજવામાં મુશ્કેલી અનુભવતાં બાળકો માટે...*

1. સૌ પ્રથમ બે અંકની સંખ્યાને “2 દસને 4 એટલે 24(ચોવીસ)”ની રીતે સમજાવવી. આ માટે દસ મણકાની માળાઓ અને છૂટા મણકાનો ઉપયોગ કરવો.(મણકાની માળાને બદલે અન્ય મૂર્ત વસ્તુના દસના જૂથ અને છૂટાનો ઉપયોગ કરી શકાય)
2. સમજ આપ્યા બાદ સંખ્યા બોલવી અને તે મુજબ દસના જૂથ અને છૂટી મૂર્ત વસ્તુ આપવાનો મહાવરો કરાવવો.
3. તાળી-ચપટીની રમત રમાડવી.

*બે અંકની સંખ્યાની સરખામણી કરવામાં મુશ્કેલી અનુભવતાં બાળકો માટે...*

1. દસ મણકાની માળા અને છૂટા મણકાનો ઉપયોગ કરીને સંખ્યાની સરખામણી કરાવવી.

2. બે અંકની સંખ્યાઓમાં જે સંખ્યામાં દસનાં જૂથ વધુ તે સંખ્યા મોટી- એવી સમજ વિવિધ ઉદાહરણ દ્વારા આપવી.
3. જ્યારે દસનાં જૂથ સરખાં હોય ત્યારે છૂટાની તુલના કરવી.
4. પહેલાં બે સંખ્યાની સરખામણી કરાવવી પછી ત્રણ સંખ્યાઓમાં જવું.

*આપેલા અંકોનો ઉપયોગ કરીને બે અંકની સંખ્યા બનાવવામાં મુશ્કેલી અનુભવતાં બાળકો માટે...*

1. 0 થી 9 સુધીનાં ફ્લેશકાર્ડના એક સેટની મદદથી અંકોના પુનરાવર્તન વગર બે અંકની સંખ્યા બનાવવાનો મહાવરો કરાવવો. જેમ કે, કોઈ બાળક 4 અને 6 નંબરનાં કાર્ડ ઉઠાવે, તો તે બંને કાર્ડને બાજુ બાજુમાં મૂકતાં સંખ્યા 46 બને. તે બંને કાર્ડને જુદી રીતે ગોઠવવા કહેવું અને બનતી નવી સંખ્યા નોંધવા કહેવું.
2. આમ, વારંવાર કર્યા બાદ તેમને જાતે નક્કી કરવા દેવું કે અંકોનું પુનરાવર્તન કર્યા વગર બે અંકોની મદદથી બે અંકની ફક્ત બે જ જુદી જુદી સંખ્યાઓ બની શકે.

## LO:2 પરિચિત પરિસ્થિતિ અને સંદર્ભમાં સરવાળાથી બાદબાકી (ભાગાકાર) સુધીની રીતોનો યોગ્ય ઉપયોગ સમજે છે. અને દાખલા ગણવા/વ્યવહારમાં ઉપયોગ કરે છે.

*ગાણિતિક ક્રિયા નક્કી ન કરી શકતાં બાળકો માટે...*

1. એક અંકની સંખ્યાથી શરૂ કરવું, પછી એકમમાં શૂન્ય હોય તેવી અને છેલ્લે બે અંકોની કોઈ પણ સંખ્યાઓ સુધી લઇ જવાં.
2. વિદ્યાર્થીને સમજાય તેવી પરિચિત વસ્તુનું ઉદાહરણ આપવું.
3. પ્રશ્નને નાના ભાગ પાડીને સમજવા માટેનો મહાવરો કરાવવો. આ માટે પ્રશ્નમાં આપેલી વિગતો પ્રશ્નો દ્વારા નોંધાવવી.
4. શેની વાત છે ?
5. કેટલા હતા ?
6. તેનું શું થયું ?
7. વધારો થાય કે ઘટાડો ?
8. કઈ ક્રિયા કરવી પડશે ?

*ગાણિતિક ક્રિયામાં ભૂલ કરતાં બાળકો માટે...*

1. એક અંકની સંખ્યાથી શરૂ કરવું, પછી એકમમાં શૂન્ય હોય તેવી અને છેલ્લે બે અંકની અન્ય સંખ્યાઓ સુધી લઇ જવાં.
2. દરરોજ ઓરલ મેથની પ્રવૃત્તિઓ કરાવવી.

3. જરૂર પડ્યે દસ મણકાની માળા અને છૂટા મણકાનો ઉપયોગ કરી સરવાળો અને બાદબાકીનો મહાવરો કરાવવો. ગણતરી માટે સ્લેટ કે નોટબૂકનો ઉપયોગ પણ કરી શકાય.
4. 1 થી 100 લખેલા ચાર્ટની મદદથી કૂદકા અને પગલાં દ્વારા સરવાળો અને બાદબાકી કરાવવી અને પછી મૌખિક રીતે ગણન કરાવવું.

---

## LO: 3 આંકડા અને શબ્દોમાં સંખ્યા ઓળખે અને ૯૯૯ સુધી તે રીતે લખે છે.

---

*__100 સુધીની સંખ્યાઓ માટે...__*

1. દરરોજ સમૂહમાં અને વ્યક્તિગત 1 થી 100 ક્રમમાં બોલાવવા. "દસને એક અગિયાર, દસને બે બાર,..." એમ બોલાવવું.
2. સૌ પ્રથમ નાની સંખ્યાઓ સાથે શરૂ કરવું.
3. 1 થી 100 સુધીની સંખ્યાઓ ક્રમમાં બોર્ડ/કાગળ ઉપર લખીને પછી બોલાયેલી સંખ્યા ઓળખવા કહેવું. ત્યારબાદ તે જ સંખ્યા પોતાની નોટબૂક/સ્લેટમાં લખવા કહેવું.
4. બિંગોની રમત રમાડવી.
5. આડાઅવળા ક્રમમાં સંખ્યા લખીને ઓળખવાની પ્રવૃત્તિ કરાવવી.
6. સંખ્યાનાં પલાખાં લખવા માટે સંખ્યાની સંધિ છૂટી પાડીને અથવા છેલ્લે લાગેલો પ્રત્યય ઓળખીને સંખ્યા લખવાનો મહાવરો કરાવવો. જેમકે, ચોવીસ એટલે વીસ(20)ને ચાર(4) જેને 24 લખાય.

*__999 સુધીની સંખ્યાઓ માટે...__*

(મિત્રો, આપણા પાઠ્યપુસ્તકમાં 100 સુધીની સંખ્યાઓ છે. પરંતુ આ મૂલ્યાંકન નિપુણ ભારત અંતર્ગત થતું હોવાથી નિપુણ ભારતની અધ્યયન નિષ્પત્તિને ધ્યાનમાં લીધી છે. ગત જુલાઇ 2023 દરમિયાન ધોરણ 3 માં ધોરણ 2 અંતિત કસોટીમાં પણ એટલા માટે જ આ પ્રકારનો પ્રશ્ન સામેલ કર્યો હતો. અહીં, આપણે મુખ્ય ધ્યાન એ રખવાનું છે તે એ કે બાળક કોઈ પણ સંખ્યાને એની સ્થાનકિંમત સાથે સમજે અને લખે. જો બે અંકની સંખ્યાઓ સ્થાનકિંમત સાથે આવડતી હશે તો ત્રણ અંકની સંખ્યાઓ પણ સરળતાથી શીખી શકશે. 100 સુધી શીખી ગયા બાદ માત્ર બસો, ત્રણસો, ચારસો... નવસો – એટલા જ નવા શબ્દો શીખવાના રહે છે.)

1. સંખ્યા સાંભળીને પહેલાં એ નક્કી કરાવવું કે સંખ્યા એક અંકની છે કે બે અંકની કે ત્રણ અંકની...
2. બોલાયેલી સંખ્યા ત્રણ અંકની હોય તો તેની આગળ લાગેલો પૂર્વગ(પહેલો ભાગ) કયો છે એટલે કે સંખ્યા બોલાય છે ત્યારે શરૂઆતમાં કેટલા સો બોલાય છે તે ધ્યાને લેવા જણાવવું.
3. સંખ્યાનો બીજો ભાગ બે અંકની સંખ્યાથી બને છે તે સમજાવવું. જેમકે, <u>ચારસો</u> પચીસ
4. પૂર્વગ : <u>ચારસો</u>

5. બીજો ભાગ : પચીસ

6. બનતી ત્રણ અંકની સંખ્યા : 425

(સાતસો બેમાં પહેલો ભાગ 7 અને બીજા ભાગમાં 2 એ એક અંકથી બનતી સંખ્યા હોઈ તેને 02 લખીને આખી સંખ્યાને ત્રણ અંકની બનાવવી પડે. સંખ્યા થશે 702)

---

## LO: 4- આપેલ/ભેગી કરેલ માહિતી પરથી નિષ્કર્ષ કાઢે છે.

1. વર્ગખંડમાં દરરોજ હાજર, ગેરહાજર, કુમાર - કન્યા અને કુલ જેવી વિગતો પાટિયા(બોર્ડ) ઉપર લખીને તેના આધારે પ્રશ્નો પૂછવા. મધ્યાહ્ન ભોજનના મેનુ કાર્ડનો પણ અભ્યાસ કરાવી શકાય.
2. નાની નાની રમત રાખીને તેના ગુણ/પોઈન્ટ નોંધવાનું કામ સોંપવું.
3. વિવિધ પ્રકારની ટિકિટ, રેપર, સમયપત્રક કે બિલ એકત્રિત કરવાનો પ્રોજેક્ટ આપવો તેમાં ભેગી કરવામાં આવેલી સામગ્રીમાં આપવામાં આવેલી વિગતો નોંધવા જણાવવું.
4. શરૂઆત ટિકિટ કે નાના બિલથી કરવી.
5. દુકાનના ભાવપત્રકનો અભ્યાસ કરાવવો. ખરીદ વેચાણ માટેનો અભિનય કરાવવો. (નવો વેપાર જેવી રમતો રમાડી શકાય)
6. બસ કે રેલવેના સમયપત્રકનો અભ્યાસ કરાવવો.
7. વર્તમાનપત્રોમાં આવતા તેઓને ગમતી રમતના સ્કોરબોર્ડનો અભ્યાસ કરાવવો.